

માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં મહિલા દિનની ઉજવણી ઉલ્લાસભેર ચાલી રહી છે. સેકટર-૨૮ બ્રહ્માકુમારી સંસ્થા ખાતે ક્રાફટમેળાનું આયોજન કરી મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, કમિશનર રતનકુંવરબા ગઢવી, કોર્પોરેટર હર્ષાબા ધાધલ, નીલાબેન શુકલ તથા મહિલા અગ્રણીઓએ આ ક્રાફટમેળાની મુલાકાત લીધી હતી. કુકીંગ અકસપર્ટ ગીતબેન ખુમાણ દ્વારા રસોઈ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હું નથી માનતો કે વેક્સીન લીધા પછી ઝાડા થઈ જાય... તમે વેક્સીન લીધા પછી પેટ્રોલ પુરાવવા ગયા હતા...??

# રીક્ષામાં બેઠેલા વૃધ્ધના પાકીટમાંથી ગઠીયાઓ ૧.૪૭ લાખ સેરવી લીધા

ગાંધીનગર, તા.૫

કુડાસણ થી ઘ-પ આવવા માટે નીકળેલા વૃધ્ધના પાકીટમાંથી નજર ચુંકવી ગઠીયા રોકડા રૂ.૧.૪૭ લાખની મત્તા લઈ છુમંતર થઈ ગયા છે. ઘ-પ સ્થિત હેન્ડીક્રાફટના આયોજક કારીગરોના પગાર અને ગાડીઓના ભાડા માટે રૂપીયા લઈ ઘરેથી ઘ-પ આવી રહ્યા હતા. તે સમયે માર્ગમાં ગઠીયાઓ કળા કરી ગયા હતા. આ બનાવ અંગે વૃધ્ધે સેકટરે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ન્યું કુડાસણ વિસ્તારમાં સહજાનંદર સોસાયટી ખાતે રહેતા રમેશભાઈ ત્રિકમભાઈ પટેલ (ઉં.૭૦) સવારે ૮ વાગ્યાના સુમારે ઘરેથી રૂપીયા લઈને રીક્ષામાં બેસીને પથિકાશ્રમ સુધી આવ્યા હતા. ત્યારબાદ ઘ-૫ જવા માટે બીજા રીક્ષામા બેઠા હતા, રીક્ષાની પાછળની સીટમાં પહેલાથી ૪ મુસાફરો બેઠા હોવાથી તેઓ ડ્રાઈવરની સીટની બાજુમાં બેઠા હતા. સેકટર-૧૨ ઉમિયા માતાજીના મંદિર તરફ રીક્ષાએ વળાંક લઈને ચાલકે વૃધ્ધને પાછળ બેસવા માટે અને એક મુસાફરને આગળ બેસવા માટે કહ્યું હતું. જેથી રમેશભાઈ ઉમિયા માતાના મંદિરથી ઘ-પ રીક્ષામાં પાછળની સીટમાં બેસીને આવ્યા હતા. રીક્ષામાં નીચે ઉતરીને ચાલીને તેઓ હેન્ડીક્રાફટ તરફ જઈ રહ્યા હતા તે સમયે તેઓને પાકીટમાં રૂપીયા ન હોવાનો અહેસાસ થયો હતો. જેથી વૃધ્ધે ફોન કરતા તેમનો દિકરો તાત્કાલીક આવી પહોંચ્યો હતો. પિતા-પુત્રએ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ કોઈ મળી આવ્યું ન હતું. જેથી વૃધ્ધ રમેશભાઈ પટેલે સેકટર-૨૧ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસો સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર ખાતે સેક્ટર -૮ મેડિકલ સેન્ટર પર ગાંધીનગર મહાનગરપાલિકા અને સિવિલ હોસ્પિટલના ઉપક્રમે કોવિડ-૧૯ના વેક્સિન રસીકરણનો પ્રથમ ડોઝ ઉંમર ૬૦ વર્ષથી ઉપરના વડીલો ને આપવામાં આવ્યો હતો. સેક્ટર-૮ મેડિકલ સેન્ટર પર ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે હાજર રહી જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી સ્ટાફ સાથે પરામર્શ કર્યો હતો. સ્થળ પર મેડિકલ ઓફિસર દેવાંગભાઈ શાહ તથા ડોક્ટર મિલનભાઈ પટેલ, સેજલબેન તથા પરવીન બાનુ સૈયદ તથા ડબલ્યુ.એચ.ઓ. ઓફિસર ડોક્ટર મહેશ પાટીલ સૌ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી


- ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શોભનાબેન વાઘેલાને અકસ્માત થયો છે. જો કે તેમને ઈજાઓ થઈ છે પણ ભયમુક્ત હોવાનું તબીબોએ કહ્યુ છે. તેમની કારનું ટાયર ફાટતાં અકસ્માત થયો હતો.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પૂર્વ સિવિલ સર્જન ડૉ. ડી.પી. શાહે આજે સિવિલના વેક્સીનેશન સેન્ટરમાં રસી લીધી હતી.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લા સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી કોરોનામાંથી રિકવર થયા બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન છે.
- કોરોના વેક્સીનેશનને લઈ આજે મેયર રીટાબેન પટેલ અને ડે. મેયર નાઝાભાઈ ધાંધરે સિવિલના વેક્સીનેસન સેન્ટરની મુલાકાત લીધી હતી.
- ઈ.વી.એમ.ના મુદ્દે દહેગામ કોંગ્રેસ બાદ હવે માણસામાં પણ આ મુદ્દે આંદોલન શરૂ થયુ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે તમામ પ્રકારની કૃષિ સહાય યોજનાનો લાભ મેળવવા આઈ. ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. આ પોર્ટલ આજથી શરૂ થશે અને ૩૦-૪-૨૦૨૧ સુધી તે ખુલ્લુ રહેશે.

# ગોકુળપુરામાં સ્થાનિક કોર્પોરેટરે ગટરલાઈનના રીપેરીંગનું કામ શરૂ કરાવ્યુ

### ગોકુળપુરાની વર્ષો જુની સમસ્યાનો ઉકેલ આવશે : પ્રજાને જાગૃત કરવા હોર્ડીંગ્સ લગાડવાનો મહિલા સામાજિક કાર્યકર ભૂમિબેન રબારીનો કિમિયો કારગર નિવડ્યો

ગાંધીનગર, તા.૫

છેલ્લાં કેટલાંક દિવસથી ગાંધીનગરના ક-રોડ પરના ગોકુળપુરા ખાતે વણઉકેલાયેલી



સમસ્યાઓને પગલે વસાહતીઓમાં અસંતોષ પ્રસરવા પામ્યો હતો. આ સમસ્યાઓ અંગે ગોકુલપુરાના યુવા મહિલા સામાજિક કાર્યકર દ્વારા હોર્ડિંગ્સ લગાવવાનો કીમિયો અજમાવવામાં આવ્યો હતો જેના અનુસંધાને સ્થાનિક કોર્પોરેટર દ્વારા ગોકુળપુરાની ગટર લાઈનનું રીપેરીંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે તેમજ અન્ય સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવી આપવાની કોર્પોરેટર દ્વારા બાંહેધરી આપવામાં આવી છે.

અત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે નાગરિકોનો વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓ અંગે અવાજ પણ બુલંદ થઈ રહ્યો છે. ગોકુળપુરામાં છેલ્લા કેટલાય સમયથી અનેકવિધ સમસ્યાઓથી પ્રજા ત્રસ્ત હોવા સાથે તે બાબતે અસંખ્ય રજુઆતો કરી હોવા છતાં સ્થાનિક સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હતા પરંતુ હવે જ્યારે મહાનગર પાલિકાની ચુંટણીઓ આવી પહોંચી છે ત્યારે યુવા મહિલા સામાજિક કાર્યકર કાર્યકર ભુમિબેન રઘુભાઈ રબારી દ્વારા આ સમસ્યાઓ અંગે ગોકુળપુરાના પ્રજાજનોને જાગૃત કરવા ગામમાં સમસ્યાઓના ફોટા સાથેના મોટા હોર્ડિંગ્સ લગાડી અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો જે કારગર નિવડ્યો છે. આજે ગોકુળપુરામાં ગટરલાઈનના રીપેરીંગનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે અને બાકીના પડતર કાર્યો પણ ઝડપથી પૂરા કરી આપવાની કોર્પોરેટર્સ બાંહેધરી આપી રહ્યા છે. સ્થાનિક પ્રદીપસિંહ વાઘેલાએ ગોકુળપુરાના વસાહતીઓને સકારાત્મક પ્રતિભાવ આપીને અન્ય કોર્પોરેટર્સ સાથે મળીને ગોકુળપુરામાં ગટરલાઈનના રીપેરીંગનું કામ આજે શરૂ કરાવ્યુ હતું અને બાકીના પડતર કામો પણ ઝડપથી પતાવી આપવાની બાંહેધરી આપી છે.

## સોમવારે સે-૭માં ભારતમાતાના મંદિરે બહેનો માટે નિઃશુલ્ક સેફટી સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૫

આગામી તા. ૮મી માર્ચ સોમવાર વિશ્વ મહિલા દિવસના અનુસધાનમાં દુર્ગાવાહિની વિશ્વ હિન્દુ પરિષદ તથા યુનિવર્સલ ગૃપ-ટે-કવૉન-ડૉ દ્વારા સે-૭માં ભારતમાતાના મંદિરે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન બહેનો માટે નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ૫ વર્ષથી ઉપરની કોઈપણ ઉંમરની દિકરીઓ તથા મહિલાઓ ભાગ લઈ શકશે. સેમિનારમાં પર્સનલ પ્રોટેકશન, સેફટી અવેરનેસ, યોગનું માર્ગદર્શન, ડ્રોઈંગ કોમ્પીટશન તથા આનંદદાયક રમતો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ભાગ લેનાર દરેક બહેનોને સંસ્થા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. સેમિનારમાં ભાગ લેવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે જે માટે મો.નં. ૮૮૬૬૦૧૨૬૪૯ અથવા ૭૪૦૫૨૬૭૭૨૭ પર ફોન કરવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સિવિલ કેમ્પસમાં ફરજ બજાવતી નર્સ સાથે ઓનલાઈન છેતરપિંડી

### કાર્ડ વેરીફિકેશનના નામે ઓટીપી નંબર માંગીને ગઠીયાઓએ ત્રણ ટાન્જેકશન કર્યા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ફરજ બજાવતી નર્સ સાથે ઓનલાઈન છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી છે. કાર્ડ વેરીફિકેશન નામે ગઠીયાઓએ ઓટીપી નંબર મેળવી ત્રણ ટ્રાન્જેકશન કરી દીધા હતા. બનાવ અંગે સાયબર વિભાગમાં અરજી કર્યા બાદ ફરીયાદ નોંધાઈ છે.

વાવોલ વૈદેહી એપાર્ટમેન્ટમાં રહેતા દિવ્યાકુંવરબા વિક્રમસિંહ વાઘેલા જણાવ્યા મુજબ તેઓએ નરોડા એસબીઆઈ બેંકમાં ક્રેટીડ કાર્ડ માટે એપ્લાય કરતા કાર્ડ ઘરે આવી ગયું હતું. ગત ઉતરાયણના દિવસે તેમના પર ફોન આવ્યો હતો. જેમાં ગઠીયાએ એસબીઆઈ બેંકમાંથી બોલતો હોવાનું કહીને ક્રેડીટ કાર્ડના વેરીફિકેશન માટે કોલ કર્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ કાર્ડનો નંબર માંગતા તે આપ્યા બાદ પતિને ફોન આપ્યો હતો. ગઠીયાઓએ ફોન પર આવેલ ઓટીપી નંબર આપવાનું કહેતા ફરીયાદીના પતિએ આવેલા વિવિધ ઓટીપી નંબર આપ્યા હતા. બે દિવસ પછી તેઓ પણ એસબીઆઈ બેંકમાંથી ફોન આવ્યો હતો. જેમાં ગત તા.૧૪ જાન્યુઆરીના રોજ ફરીયાદીના ક્રેડીટ કાર્ડમાંથી રૂ.૧૦૨૦,૧૪૭૯, અને ૭૦,૯૧૦ રૂપીયાના ટ્રાન્જેકશન થયા હોવાનું જાણવા મળ્યું હતું. નર્સ જોડે કાર્ડ વેરીફિકેશન નામે ઠગાઈ થઈ ગયા બાદ સાયબર આશ્વતમાં અરજી કરી હતી, ત્યારબાદ મહિલા સાથે ઠગાઈ થઈ હોવાનું સામે આવતા પોલીસે ફરીયાદ નોંધાતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં સેકટર-૩૦ ખાતે આજે ઈલેક્ટ્રીક વ્હીકલના નવા શૉ રૂમનો પ્રારંભ

### પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા વચ્ચે સ્ટાર્ટઅપ કંપની ઈવા મોડેલ બજારમાં પ્રસ્તુત કરશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ખાતે ઈલેક્ટ્રીક વ્હીકલની સ્ટાર્ટઅપ કંપની તરીકે છઠ્ઠી માર્ચ, ૨૦૨૧, શનિવારના રોજ ઈલેક્ષાનો શુભારંભ થયો છે. બે વર્ષની મહેનતના અંતે કંપની દ્વારા નવા આકર્ષક આયામો અને અસરકારક ઉત્પાદન તરીકે ઈવા બજારમાં પ્રસ્તુત કરવામાં આવી રહી છે.

આ અંગે વધુ વિગતો આપતાં કંપનીના દીપ જનાણીએ જણાવ્યુ હતુ કે પિતા પિયુષ જનાણી અને કાકા કેતન જનાણીના અનુભવી વિઝન અને સપોર્ટથી ૨૧મી સદીના બિઝનેશ મોડેલના યુગમાં કંઈક મોટુ અને ગેમ ચેન્જર એવુ ઈલેક્ટ્રીક વ્હીકલ નિર્માણ પામ્યું છે. જે વર્તમાન બજારમાં તદ્દન નવી જ ઈવી પ્રોડક્ટ છે. કંપની દ્વારા આ પ્રોડક્ટ ઈવા ગાંધીનગર ખાતે તૈયાર થઈને જનતાની સેવામાં મુકાઈ રહી છે. સે. ૩૦ના જીટીએસ રોડ, પ્લોટ નં. ૨૫ ખાતેથી ઉપલબ્ધ થનાર આ ઈલેક્ટ્રીકલ વ્હીકલ અનેકવિધ આકર્ષક ખુબીઓ ધરાવે છે. પેટ્રોલ, ડીઝલ અને ગેસ જેવા ઈંધણના ભાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે ત્યારે માત્ર ૪ રૂપિયામાં ૬૦ થી ૬૫ કિમીની એવરેજ આપતુ ઈવા સમાજના સઘળા વર્ગોને પોષાય તેમ છે. આ વાહનમાં લાઈસન્સ કે રજિસ્ટ્રેશનની કોઈ જરૂર નથી. ૩ વર્ષની વોરંટી સાથે ૪૮ વોટની લિથિયમ બેટરી છે. જે અઢીથી ૩ કલાકમાં ફાસ્ટ ચાર્જીંગ થઈ શકે છે. ઈવાની ટોપ સ્પીડ પ્રતિ કલાક ૨૫ કિ.મી. અને વજન ક્ષમતા ૧૭૫ કિ.ગ્રાની છે. પોર્ટેબલ ચાર્જર, રિવર્સ મોડ, રિમોટ એક્સેસ કી, એન્ટી થેફ્ટ એલાર્મ, ભારતીય ડિઝાઈન અને આરામદાયક બેઠક ઈવાના આગવા આકર્ષણો છે. તેના સ્પેરપાર્ટસની વોરંટી પણ દોઢ વર્ષની છે.




## ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા પીડીપીયુ આઈઆઈસીના જીવીએફએલ સાથે એમઓયુ

ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાલ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટી ખાતે આજે ઉદ્યોગ સાહસિકના વિકાસ માટે તેમજ સંશોધનને વેગ આપવાના હેતુસર પીડીપીયુ અને પીડીપીયુ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યાં છે. નવા સંશોધનાત્મક વિચારોને બીઝનેસ મોડેલમાં પરિવર્તિત કરવા તથા તેને યોગ્ય દિશામાં પ્રવાહિત કરી જરૂરી મદદ પુરી પાડી આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના હેતુથી પીડીપીયુના રજીસ્ટ્રાર તરૂણ શાહ તથા જીવીએફએલના પ્રેસિડેન્ટ મિહીર જોશીએ એમઓયુ સાઈન કરીને તેનુ હસ્તાંતર કર્યુ હતુ.

## સોમવારે મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપની પાર્લામેન્ટરી બેઠક

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાયા બાદ નવા મેયર માટેની તારીખોનું એલાન ગઈકાલે કરવામાં આવ્યું હતું. રાજ્યની ૬ મહાનગર પાલિકાના પદાધિકારીઓ નક્કી કરવા માટે સોમવારે ભાજપની પાર્લામેન્ટરી બેઠક ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસ સ્થાને મળવા જઈ રહી છે.બેઠકની અંતર્ગત મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક સહિતના નામોની જાહેરાત કરવામાં આવી શકે છે. ચૂંટણી અન્વયે યોજવામાં આવેલી મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ કયા શહેરમાં કોણ કયા શહેરમાં મેયર પદ પર વિરાજમાન થશે.

# અડાલજ પાટનાકુવા પાસે બસ-એકટીવા વચ્ચે અકસ્માત : યુવકનુ મૃત્યુ

### યુવક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હતો

ગાંધીનગર, તા.૫

અડાલજ પાટનાકુવા પેટ્રોલપંપ પાસે માર્ગ ક્રોસ કરતા સમયે ઝુંડાલ બાજુથી આવતી એસટી બસના ચાલકે એકટીવાને અડફેટે લીધુ હતું. યુવક માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. પંરતુ સારવાર દરમિયાન યુવકનું મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ શ્રીનાથ રેસીડેન્સી વિભાગ-૨ ખાતે રહેતા મંજુબેન જગદીપસિંહ રાવતના ફોઈનો દિકરો આદિત્યવિક્રમ અરવિંદકુમાર નૈગી (ઉં.૨૩ વર્ષ રહે કેદાર મહોલ્લા કમલેશ્વર શ્રીનગર ઉતરાખંડ) છેલ્લા બે માસથી તેમના ઘરે રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો હતો. યુવક ગુરુવારના રોજ સવારે સાડા દશ વાગ્યાના અરસામાં નીકળીને કોલેજના કામ માટે બહાર ગયો હતો. યુવક મોડે સુધી ઘરે ન આવતા મંજુબેને તેને ફોન કર્યો હતો પરંતુ ફોન અન્ય વ્યકિતએ ઉપાડીને યુવકને અકસ્માત થયાનું જણાવ્યું હતું. અડાલજ પાસેની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હોવાનું કહ્યુ હતું. જેથી મંજુબેન તાત્કાલીક ત્યાં ગયા હતા, જયાં મંજુબેનને પિતરાઈ ભાઈનો મૃતદેહ જોવા મળ્યો હતો. અકસ્માત અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે સાડી અગીયાર વાગ્યાના અરસામાં આદિત્ય વિક્રમ અડાલજ પાટનાકુવા પાસે પેટ્રોલ પંપથી પેટ્રોલ ભરાવી માર્ગ ઓળંગતી વખતે સુરત-ડીસા બસની અડફેટે એકટીવા ચાકલ આવી ગયો હતો.અકસ્માતને પગલે નાગરીકો એકઠા થઈ જતા બસ નં. ૨જી.જે.૧૮.ઝેડ- ૪૮૪૫ નો ચાલક બસ મુકીને પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે મંજુબેન રાવતે બસના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર બસના ચાલકને પકડવા તજવીજ શરુ કરી છે.

# યોગ બોર્ડ દ્વારા ત્રણ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૫

યોગના શારીરિક અને માનસિક લાભો અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવા તથા યોગના પ્રસાર દ્વારા વધુ સંખ્યામાં નાગરિકોને નિયમિત યોગ કરવા માટે પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા. ૯, ૧૦ અને ૧૧ માર્ચ દરમ્યાન અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રમત ગમત મંત્રી ઈશ્વર સિંહ પટેલ અને દેશભરના યોગ નિષ્ણાંતો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેવાની અપેક્ષા છે.

રાજ્યમાં યોગના પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિયમિત ધોરણે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ યોગ શિબિરમાં કોઈપણ ઉંમરના વ્યક્તિ ભાગ લઈ શકશે જેનો સમય સવારે ૫.૩૦થી ૭.૩૦ અને સાંજે ૫.૩૦થી ૭ વાગ્યા સુધી રહેશે જેમાં સામેલ થવા ઈચ્છુક વ્યક્તિઓ માટે ત્રણ દિવસીય શિબિર સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. હાલમાં કોવિડ-૧૯ મહામારીને લક્ષ્યમાં રાખતાં વહીવટીતંત્ર દ્વારા ઈશ્યૂ કરાયેલી તમામ માર્ગદર્શિકાઓ અને સૂચનાઓનું પાલન કરવામાં આવશે. યોગ શિબિરમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરવા માટે મો.નં.૭૨૯૦૮ ૭૬૮૭૬ પર મિસ કોલ કરવાનો રહેશે. રોગમુક્ત શરીર, તણાવમુક્ત અને આનંદસભર જીવન માટે યોગ ખૂબજ લાભદાયી છે ત્યારે આ શિબિર દ્વારા સમાજના મોટી સંખ્યામાં લોકોને દૈનિક જીનશૈલીમાં યોગને સામેલ કરીને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રેરણા આપવાનો પ્રયાસ કરાશે.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમીટેડ
Garvi HANDLOOM
gurjari
150 YEARS OF CELEBRATING THE MAHATMA
પ્રથમ માળ, હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર.
ફોન નં. ૯૯૦૯૯૧૯૩૬૭/૯૯૦૯૯૧૯૩૬૮
ઈમેઈલ-contact@gurjari.co.in વેબસાઈટ : www.gurjari.gujarat.gov.in
CIN No. U2219GJ1973SGC002360

રાજ્ય બહાર શૈક્ષણિક પ્રવાસ માટે લકઝરી બસ ભાડે લેવા માટેની જાહેરાત

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી., ગાંધીનગરના હાથશાળના કારીગરોને વારાણસી, લખનૌ તથા રૂટમાં આવતા અન્ય સ્થળ ખાતે શૈક્ષણિક પ્રવાસે લઈ જવા માટે કુલ સંખ્યા - ૪૩ વ્યક્તિ માટે ૨૮૨ પુશબેક સીટવાળી એક લકઝરી બસ ૯ (નવ) દિવસ ભાટે આપવાના તથા રહેવા / જમવા સાથેના ભાવ ટ્રાવેલ્સ / ટુર એજન્સીએ સીલબંધ કવરમાં તા. ૨૬/૩/૨૦૨૧ સુધીમાં ઉપરોક્ત સરનામે ટપાલ અથવા કુરીયર મારફતે મોકલી આપવાના રહેશે. વાહન લેટેસ્ટ મોડેલ ધરાવતું હોવું જોઈએ. બસ ભાડે લેવા માટેની ટેન્ડર ફી, ઈસ્ઠ, શરતો નિગમની વેબસાઈટ www.gurjari.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે મો. નં. : શ્રી બી. ડી. પરમાર (મો.નં. ૯૯૦૯૯૪૨૫૮૭)નો સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૨૦૨૭/૨૦-૨૧ મેનેજીંગ ડીરેક્ટર

ટચૂકડી જાહેર ખબર

CHANGE OF NAME

I have changed my name from ILABEN ANIRUDDHASING ATODARIYA new name ELABEN ANIRUDDHASINH ATODARIYA

નામ બદલેલ છે

મારું નામ ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા હતું તે ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા રાખેલ છે.

લિ.
ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા
પ્લોટ નં. ૧૦૧૪/૧,
સેક્ટર-૪/એ, ગાંધીનગર